પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૧ | ૩૧ જુલાઈ, ૨૦૧૯, બુધવાર; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### આઝમખાનની યુનિવર્સિટી પર દરોડો

સપા સાંસદ આઝમખાનની જોહર યુનિવર્સિટી પર પોલીસે દરોડો પાડ્યો છે. મદરસા આલિયા દ્વારા પુસ્તકોની અને પાંડુલીપીઓની ચોરી મામલે ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. જેની ફરિયાદના આધારે જોહર યુનિવર્સિટીના ગ્રંથાલયની તપાસ કરવામાં આવી હતી.

### કોંગ્રેસના વધુ એક સાંસદનું રાજીનામુ

કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ સંજયસિંહ પાર્ટીમાંથી અને સાંસદ પદેથી રાજીનામુ આપી દીધુ છે. સભાપતિ એમ. વૈંકેયા નાયડુએ રાજીનામાનો સ્વીકાર કર્યો છે. સંજયસિંહ ટૂંક સમયમાં ભાજપમાં જોડાશે તેવી શક્યતા છે.

### બીએસપીના પૂર્વ નેતાની હત્યા

રાજસ્થાનના અલ્વરમાં બીએસપીના પૂર્વ નેતા જસરામ ગુર્જરની અજ્ઞાત લોકોએ ગોળી મારી હત્યા કરી દીધી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસે આપેલી જાણકારી મુજબ મૃતક પોતે હિસ્ટ્રીશિટર છે અને તેના પર ડઝનથી વધુ કેસ દાખલ છે.

# ત્રિપલ તલાક બિલ રાજ્યસભામાં પસાર

**રાજ્યસભામાં ૯૯ વિરુદ્ધ ૮૪એ બિલ પસાર થતાં કાયદો બનવાનો માર્ગ મોકળો થયો : રાજસભામાં બિલ પસાર થતાં રાષ્ટ્રપતિને હસ્તાક્ષર માટે મોકલી અપાશે**

નવીદિલ્હી, તા.૩૦

મુસ્લિમ મહિલાઓથી એક સાથે ત્રણ વખત તલાક બોલીને તલાક લેવાને અપરાધ ગણનાર ઐતિહાસિક ત્રિપલ તલાક બિલ આજે રાજ્યસભામાં પણ પસાર થઇ ગયું હતું. આની સાથે જ કુપ્રથાનો અંત આવી ગયો છે. આની સામે લાંબી કાયદાકીય લડાઈ ચાલી રહી હતી. રાજ્યસભામાં આ બિલ પસાર થવાની સાથે જ મુસ્લિમ મહિલાઓને ત્રિપલ તલાકથી સ્વતાંત્રતા મળી ગઈ છે. રાજ્યસભામાં આ બિલ ૮૪ની સરખામણીમાં ૯૯ મતે પાસ થઈ ગયું છે. બિલની તરફેણમાં ૯૯ અને વિરોધમાં ૮૪ સાંસદોએ મતદાન કર્યું હતું. બહુજન સમાજ પાર્ટી, પીડીપી, ટીઆરએસ,



જેડીયુ, અન્નાદ્રમુક અને ટીડીપી જેવા પક્ષો વોટિંગમાં જોડાયા ન હતા જેથી સરકારે આ બિલને સરળતાથી પાસ કરાવી લીધું હતું. બિલની મંજુરીથી વિપક્ષની કમજોરી પણ સપાટી ઉપર આવી ગઈ હતી. કોંગ્રેસ પાર્ટી અનેક મહત્વપૂર્ણ દળોને પોતાની સાથે રાખવામાં નિષ્ફળ રહી હતી. રાજ્યસભામાં આ બિલ પાસ થવાની સાથે જ કાનૂન બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. હવે રાષ્ટ્રપતિથી મંજુરી મળી ગયા બાદ આ કાનૂન તરીકે લાગૂ થઈ જશે. આ પહેલા બિલને સિલેક્ટ કમિટિ પાસે મોકલવાના પ્રસ્તાવ ૧૦૦ની સરખામણીમાં ૮૪ મતે પડી ગયા હતા. આ બિલને મંજુરીની સાથે જ સરકારે સાબિતી આપી છે કે, તેની ફિલ્ડિંગ રાજ્યસભામાં પણ મજબૂત રહી હતી. બિલનો વિરોધ કરનાર જેડીયુ, ટીઆરએસ, બસપ અને પીડીપીએ મતદાનમાં ભાગ લીધો ન હતો. રાજ્યસભામાં આ બિલ પાસ થવાની સાથે જ મોદી સરકારની વધુ એક ઐતિહાસિક સિદ્ધિ રહી છે. કારણ કે, રાજ્યસભામાં બહુમતિ ન હોવા છતાં આ બિલ પાસ થઈ ગયું છે. આ પહેલા કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદે ત્રિપલ તલાક ઉપર ચર્ચાનો જવાબ આપતા કહ્યું હતું કે, હજારો વર્ષ પહેલા પેગંબરે પણ આના ઉપર કઠોરરીતે પ્રતિબંધ મુક્યો હતો અને આને અયોગ્યરીતે ગણાવીને વિરોધ કર્યો હતો પરંતુ અમને ત્રિપલ તલાકને ખતમ કરવા માટે ઘણો સમય લાગી ગયો છે. રવિશંકર પ્રસાદે હિન્દુ મેરેજ એક્ટ સહિત અનેક કાનૂનોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, ૧૯૫૫માં જ્યારે આ કાનૂન બન્યો ત્યારે પતિની વય ૨૧ વર્ષ અને

● અનુસંધાન પાના - ૭ પર

# કાશ્મીર સરહદે પાકિસ્તાનનો ફરી ગોળીબાર

શ્રીનગર, તા. ૩૦

પાકિસ્તાને અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પોતાની નાપાક હરકતો જારી રાખી છે. અંકુશરેખા પર તે સતત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરે છે. આજે બપોર બાદથી જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં પાકિસ્તાન તરફથી અવરિત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ભારે ગોળીબારના લીધે સ્થિતિ તંગ બની ગઈ છે. તંગધાર અને કેરન સેક્ટરમાં પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યા બાદ ભારતે જોરદાર જવાબી કાર્યવાહી કરીને પાકિસ્તાનના બે સૈનિકોને મોતને

**યુદ્ધવિરામનો ભંગ કરીને ત્રીજા દિવસે પાકિસ્તાન દ્વારા ગોળીબાર : અંકુશરેખા ઉપર પાકિસ્તાનની નાપાક હરકતોના પરિણામે સ્થિતિ હજુય વિસ્ફોટક રહી**

ઘાટ ઉતારી દીધા હતા. પાકિસ્તાની સૈનિકો દ્વારા સુંદરબનીમાં કરવામાં આવેલા ગોળીબારમાં ભારતીય જવાન નાયક કૃષ્ણલાલ શહીદ થયા છે. નાયક કૃષ્ણલાલ જમ્મુ કાશ્મીરના અખનૂર વિસ્તારના ઘાઘરિયા ગામના નિવાસી હતા. ૩૪ વર્ષીય નાયક કૃષ્ણલાલ અંકુશરેખા ઉપર સુંદરબની સેક્ટરમાં ફરજ બજાવી રહ્યા હતા ત્યારે જ પાકિસ્તાન તરફથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન દ્વારા કોઈપણ ઉશ્કેરણીવગર કરવામાં આવેલા ગોળીબારના જવાબમાં ભારત તરફથી જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં પાકિસ્તાનના બે જવાનોના મોત થયા હતા. પાકિસ્તાન તરફથી ગોળીબાર દરમિયાન મોર્ટાર પણ ઝીંકવામાં આવ્યા હતા જેનો ભારતીય સૈનિકોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાને સતત ત્રણ દિવસથી યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખ્યો છે. ભારતીય જવાનોની કાર્યવાહીમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. મૃતકોનો આંકડો વધારે હોઈ શકે છે. રવિવારના દિવસે પાકિસ્તાની જવાનોએ પૂંચ સેક્ટરમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન તરફથી કરાયેલા ગોળીબારમાં એક બાળકને ઈજા થઈ હતી. ત્યારબાદ આ બાળકનું મોત થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લામાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં શનિવારના દિવસે સવારે એક જવાન શહીદ થયો હતો. સવારમાં પાકિસ્તાને નાપાક હરકત કરીને કુપવાડાના માછિલ સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. ક્રોસ બોર્ડર ગોળીબારમાં ભારતીય સેનાના જવાન શહીદ થયો હતો. શહીદ થયેલા જવાનની ઓળખ ૫૭ આરએસના લાન્સ નાયક રાજેન્દ્ર સિંહ તરીકે થઈ હતી.

## કર્ણાટકમાં ટીપુ જયંતિ નહીં મનાવવા સરકારનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૩૦

કર્ણાટકમાં નવી ભાજપ સરકારે ટીપુ સુલ્તાનની જન્મજયંતિ ન મનાવવાનો નિર્ણય કર્યો છે. ટીપુ સુલ્તાનની જયંતિ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. કેબિનેટ બેઠકમાં આ અંગેનો મોટો નિર્ણય કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ઓફિસ તરફથી જારી કરવામાં



આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. પ્રદેશમાં ૨૦૧૫માં સિદ્ધારમૈયા સરકારે ભાજપના વિરોધ બાદ પણ ટીપુ સુલ્તાન કાર્યક્રમ યોજવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ટીપુ સુલ્તાન સાથે સંબંધિત કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા. હવે રાજ્ય સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે કે, ટીપુ સુલ્તાન જયંતિ મનાવવાની કોઈ પરંપરા રહી નથી જેથી હવે આ કાર્યક્રમ ઉજવવામાં આવશે નહીં. બીજી બાજુ સિદ્ધારમૈયાએ ભાજપ સરકારના આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરી છે. કડગુના ધારાસભ્ય જી બોપૈયા મુખ્યમંત્રીને પત્ર લખીને કહ્યું હતું કે, ટીપુ સુલ્તાન જયંતિ કોઈ કિંમતે ઉજવવી જોઈએ નહીં. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે, કડગુના સ્થાનિક નિવાસી ટીપુ જયંતિનો વિરોધ કરવો જોઈએ. કડગુના લોકોએ પણ ટીપુ સુલ્તાનની જયંતિ નહી મનાવવા રજૂઆત કરી હતી. કડગુના લોકોની સામે ટીપુ સુલ્તાને કોઈપણ કારણવગર યુદ્ધ છેડી દીધું હતું જેમાં મોટી સંખ્યામાં કડગુ લોકોના મોત થયા હતા. કોંગ્રેસે ભાજપ સરકારના નિર્ણયને ભગવાકરણની રાજનીતિ કરવાનો આરોપ કર્યો છે.

